# માન. ધારાસભ્યશ્રી ચૈતન્યસિંહ ઝાલા માટેની સ્પીચ

અમદાવાદના જમાલપુર-ખાડિયા મતવિસ્તારના માન.ધારાસભ્યશ્રી અને અમારા સાથી શ્રી ઇમરાન ખેડાવાલાએ વિધાનસભામા રજુ કરેલા બિનસરકારી વિધેયક સને ૨૦૨૩ નુ વિધેયક ક્રમાંક ૪, "ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક" રજુ કરેલ છે.

માન. અધ્યક્ષશ્રી, માન. ધારાસભ્યશ્રીએ ગુજરાત રાજયના યુવાનોની ચિંતા વ્યક્ત કરીને " ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક ૨૦૨૩" રજુ કરેલ છે ત્યારે આપના માધ્યમથી જણાવવા માંગુ છું કે રાજ્યના યુવાનો વિવિધ પ્રકારના કૌશલ્ય સાથે સમયની માંગને અનુરૂપ ટેકનોલોજીની તાલીમ મેળવી રોજગારક્ષમ બને તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

રાજ્યના યુવાનો વિવિધ પ્રકારના કૌશલ્ય સાથે સમયની માંગને અનુરૂપ ટેકનોલોજીની તાલીમ મેળવી રોજગારક્ષમ બને તે માટે રોજગાર અને તાલીમ ખાતા દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ અન્વયે સઘન પ્રયત્નો હાથ ધર્યા છે. તદઅનુસાર રાજયમાં ૨૫૦ તાલુકાઓમાં વ્યવસાયલક્ષી તાલીમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. રાજયમાં હાલ ૨૮૮ સરકારી આઇ.ટી.આઇ., ૧૦૧ ગ્રાન્ટ ઇન એઇડ અને ૧૬૯ સ્વનિર્ભર આઇ.ટી.આઇ., મળી હાલ ૫૫૮ આઇ.ટી.આઇ. કુલ ૨,૧૬,૮૪૪ બેઠકો સાથે કાર્યરત છે.

માન. અધ્યક્ષશ્રી, સમયની માંગ, ઉધ્યોગોની જરૂરિયાત અને નવીન તકનીકી ઉપકરણો સાથે રાજ્યનો યુવાન કૌશલ્યવાન બને અને યોગ્ય રોજગારી મેળવી શકે તે હેતુથી ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ મિશન અને આઇ.ટી.આઇ. દ્વારા આપવામાં આવતી તાલિમના અભ્યાસક્રમો સમયાંતરે નિયમાનુસાર અપગ્રેડ કરવામાં આવે છે.

ઔદ્યોગિક એકમોને તેમની કુશળ કારીગરોની માંગને પહોંચી વળવા તેમજ રાજ્યના યુવાનોને ઔદ્યોગિક વાતાવરણમાં તાલીમ આપી રોજગારક્ષમ બનાવતી મુખ્યમંત્રી એપ્રેન્ટીશીપ તાલીમ યોજના અમલમાં છે.

સને ૧૯૬૧ માં એપ્રેન્ટીસ એકટની રચના કરવામાં આવી અને તેને તા. ૦૧.૦૩.૧૯૬૨ ના રોજથી અમલી બનાવવામાં આવ્યો હતો. ૩૦ કે તેથી વધુ માનવબળ ધરાવતા એકમો માટે તેમના કુલ માનવબળના ૨.૫% થી ૧૫ % ના બેન્ડમાં એપ્રેન્ટીસની ભરતી કરવી ફરજીયાત છે.

માન. અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે ગુજરાત રાજય ૨૮,૨૯૭ એકમોની પોર્ટલ પર નોંધણી સાથે સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે છે.

એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાને પ્રોત્સાહિત કરવા ભારત સરકાર દ્વારા "નેશનલ એપ્રેન્ટીશીપ પ્રોમોશન સ્કીમ (એન.એ.પી.એસ.)" ના હેતુને અનુસરતી અને એક લાખ એપ્રેન્ટીસની ભરતીના લક્ષ્યાંક સાથેની "મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના" ગુજરાત સરકાર દ્વારા તા.૦૧-૦૪-૨૦૧૮ થી અમલી કરવામાં આવેલ છે.

નાણાંકીય વળતર આપી એપ્રેન્ટીસ ભરતી માટે એકમોને પ્રોત્સાહીત કરતી મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના (એમ.એ.ટી.એસ.) એ સમગ્ર ભારતમાં ગુજરાત સૌ પ્રથમ છે.

ભારત સરકારની એન.એ.પી.એસ. અને એન.એ.ટી.એસ. યોજના અંતર્ગત મળતા પ્રોત્સાહન ઉપરાંત "મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના" અંતર્ગત, પ્રતિ સ્નાતક એપ્રેન્ટીસની ભરતી માટે રૂ.૩૦૦૦/-, પ્રતિ ડિપ્લોમા એપ્રેન્ટીસની ભરતી માટે રૂ.૨૦૦૦/- પ્રતિ ડીપ્લોમાથી નીચેની કક્ષાના તમામ પ્રકારના એપ્રેન્ટીસની ભરતી માટે રૂ.૧૫૦૦/- નુ માસિક વળતર આપવામાં આવી રહેલ છે.

માન.અધ્યક્ષશ્રી, માન. પ્રધાનમંત્રીશ્રીના "મેક ઇન ઇન્ડિયા" લક્ષને સાકાર કરવા તથા રાજ્યમાં ઉધોગિકરણના વિકાસ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. અન્ય રાજ્યો તેમજ વિદેશોની મોટી કંપનીઓ રાજ્યમાં મૂડી રોકાણ કરી મોટા ઉધ્યોગો લાવી રહી છે. સતત ઔધોગિક વિકાસની સાથે રોજગારીમાં સતત વધારો થઇ રહ્યો છે.

**આમ, રાજ્યના ઉમેદવારોને યોગ્યતા મુજબ રોજગારી તથા કામ મળી રહે અને બેરોજગારી ઘટે તે માટે સરકારશ્રી દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવે છે.**

**આમ આવનાર વર્ષમાં ઉભી થનારી રોજગારીની વિપુલ તકો તેમજ તાલીમ, એપ્રેનટીસ અને રોજગારીના આંકડાઓ જોતાં અનેક યોજનાઓના અમલ દ્વારા રાજ્યના સમાજના દરેક વર્ગના યુવાનો રોજગારીની વિશાળ તકો પ્રાપ્ત કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ કરશે. ત્યારે માન.ધારાસભ્યશ્રી દ્વારા ગુજરાત રોજગાર બાંહેધરી વિધેયક લાવવામાં આવેલ છે તેની કોઈ જરૂરીયાત જણાતી નથી.**

**વધુમાં, માન.અધ્યક્ષશ્રી ગ્રુહનું ધ્યાન દોરવાનું કે જ્યારે આપણે આત્મનિર્ભર ભારતના સ્લોગન સાથે આગળ કૂચ કરીએ છીએ ત્યારે આ વિધેયક લાવવાથી  રાજયના યુવાનો પરાવલંબી બનશે, સામાજિક અને કૌટુંબિક ફરજ પ્રત્યે નિષ્ક્રિય અને બેજવાબદાર બનશે. અને આ બાબત રાજયના તંદુરસ્ત વિકાસની ગતી માટે ચોકક્સપણે અવરોધરૂપ પુરવાર થશે. સમગ્ર દેશમાં રોજગારીના વિવિધ ક્ષેત્રોમાં જ્યારે ગુજરાત અગ્રેસર રહેલ છે ત્યારે આ વિધેયક લાવવુ બિલકુલ જરૂરી જણાતું નથી તેથી હુ માન. ધારાસભ્યશ્રી અને મારા** સાથી શ્રી ઇમરાન ખેડાવાલાને વિધાનસભામા રજુ કરેલા બિનસરકારી વિધેયકને **પાછું ખેચી લેવા વિંનતી કરું છુ.**